

<u>પ્રેસનોટ- તા.૨૭/૦૬/૨૦૨૨</u>

## <u>અમરેલી તાલુકાના મોટા આંકાડીયા ગામે બસ સ્ટેશન પાસે જાહેરમાં જુગાર રમતા ચાર ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગારના સાહિત્ય સહિત કુલ કિં.રૂ. ૫૭,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

ગઇ કાલ તા.૨૬/૦૬/૨૦૨૨ ના સાંજના સમયે પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે બસસ્ટેશન પાસે આવેલ ભૂમિ એગ્રો નામની દુકાનની સામે જાહેરમાં અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી. ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં જુગાર રમતાં કુલ **ચાર ઇસમો**ને રોકડ રકમ, મોબાઇલ ફોન અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લઇ, પકડાયેલ તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી **અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➯ <u>જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-</u>

(૧) અશોકભાઇ પોપટભાઇ વઘાસીયા, ઉં.વ.૪૫, રહે.મોટા આંકડીયા, તા.જિ.અમરેલી
(૨) શૈલેષભાઇ ચતુરભાઇ બાવિશી, ઉં.વ.૩૪, રહે.મોટા આંકડીયા, તા.જિ.અમરેલી
(૩) ભાવેશભાઇ માવજીભાઇ વઘાસીયા, ઉં.વ.૪૦, રહે.જીંથુડી, તા.વડીયા-કુંકાવાવ, જિ.અમરેલી
(૪) મેહુલભાઇ રસિકભાઇ દેવાણી, ઉં.વ.૩૦, રહે.લુણીધાર, તા.વડીયા-કુંકાવાવ, જિ.અમરેલી.

➯ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

રોકડા રૂ.૩૭,૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૪, કિં.રૂ.૨૦,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૫૭,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



પ્રેસનોટ- તા.૨૮/૦૬/૨૦૨૨

ધારી પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી દેશી બનાવટનો તમંચો

(અગ્નિશસ્ત્ર હથિયાર ) સાથે એક ઈસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા સમગ્ર રાજ્યમાં અષાઢી બીજનાં તહેવાર નિમીત્તે જગન્નાથજી રથયાત્રા / શોભાયાત્રાઓ નિકળનાર હોય, જેનાં ભાગરૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે હેતુ થી ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાંઓ દ્વારા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે ઈન્ચાર્જ પો.સબ ઈન્સ.શ્રી એસ.ઓ.જી.અમરેલી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, ધારી તાલુકા ગીગાસણ ગામનાં બસ સ્ટેશન નજીક એક ઇસમ પોતાની પાસે ગેરકાયદેસર (અગ્નિશસ્ત્ર હથિયાર) રાખી ઉભો છે. અને તે આજરોજ કોઇ ગુન્હો કરવાની પેરવીમાં હોય, જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઇડ કરતા દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

❖ પકડાયેલ આરોપીઃ-

શિવરાજભાઇ ઉર્ફે યુવરાજભાઇ ગભરૂભાઇ કોટીલા, ઉવ.-૨૬, ધંધો-ખેતી, રહે.ગીગાસણ, તા.ધારી, જી.અમરેલી.

મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર)નાં મુદ્દામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પો.સબ ઈન્સ.શ્રી એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમને દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



## પ્રેસનોટ- તા.૨૮/૦૬/૨૦૨૨

## અમરેલી તાલુકા પો.સ્ટે. વિસ્તારમાં ઇકો કારમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઇસમોને રોકડ રકમ, વાહન, મોબાઇલ ફોન તથા જુગારના સાહિત્ય સહિત કુલ કિં.રૂ. ૨,૩૫,૪૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

ગઇ કાલ તા.૨૭/૦૬/૨૦૨૨ ના સાંજના સમયે પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, અમરેલીથી રંગપુર જતા રોડ રોડ ઉપર બાલાજી હનુમાન મંદિર પાસે રોડ ઉપર ઇકો કારમાં અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી. ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં ઇકો કારમાં જુગાર રમતાં કુલ **પાંચ ઇસમો**ને રોકડ રકમ, ઇકો કાર, મોબાઇલ ફોન અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લઇ, પકડાયેલ તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી **અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➡ જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-

(૧) મકસુદ આમદભાઇ કચરા, ઉ.વ.૧૯, રહે.અમરેલી, બહારપરા, તા.જિ.અમરેલી
(૨) આદીલ રહીમભાઇ પડાયા, ઉ.વ.૧૮, રહે.અમરેલી, બહારપરા, તા.જિ.અમરેલી
(૩) કાદર અબ્દુલભાઇ સેલોત, ઉ.વ.૩૦, રહે.અમરેલી, ચોરાપા, તા.જિ.અમરેલી
(૪) અલ્ફાજ ઓસમાણભાઇ ડેરૈયા, ઉ.વ.૨૦, રહે.અમરેલી, ઘાંચીવાડ, બહારપરા, તા.જિ.અમરેલી
(૫) સર્ફરાજ હનીફભાઇ નગરીયા, ઉ.વ.૧૮, રહે.અમરેલી, ગઢની રાંગ, તા.જી.અમરેલી

➡ પકડાયેલ મુદ્દામાલઃ-

રોકડા રૂ.૬૦,૪૦૦/- તથા ઇક્કો કાર રજી.નં.જી.જે.૧૪.એ.પી.૮૬૩૧ કિં.રૂ.૧,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૫, કિં.રૂ.૨૫,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૨,૩૫,૪૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસનોટ- તા.૨૯/૦૬/૨૦૨૨</u>

## <u>જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામે આવેલ સતનામ ગ્લોબલ ઇન્ફ્રા પ્રા.લી.કંપનીના ડીઝલ જનરેટરમાંથી ફ્લેક્સીબલ કોપરનો કેબલ ચોરી કરનાર ત્રણ ઇસમો ને કેબલ વાયર,કિં.રૂ.30,000/- ના મુદામાલ સાથે પકડી પાડી, ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

ગઇ તા.૨૪/૦૬/૨૦૨૨ ના બપોરના બે વાગ્યાથી તા.૨૫/૦૬/૨૦૨૨ ના સવારના સાડાનવ વાગ્યા દરમિયાન જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામે આવેલ સતનામ ગ્લોબલ ઇન્ફ્રા પ્રા.લી. કંપનીના ડીઝલ જનરેટરમાંથી કમ્પ્રેસનમાં રહેલ ફ્લેક્સિબલ કોપરનો કેબલ આશરે ૫૦ ફુટ, જેની અંદાજે કિંમત રૂ.૩૦,૦૦૦/- નો જોડેલ હોય, જે કોઇ અજાણ્યા ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે **જાફરાબાદ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૪૨૨૦૪૩૪/૨૦૨૨ IPC કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ હતો.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** આજરોજ તા.૨૯/૦૬/૨૦૨૨ ના રોજ શરૂ રાત્રિના **કોમ્બિંગ નાઇટ પેટ્રોલીંગ** દરમિયાન મળેલ બાતમી હકિકત આધારે લોઠપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી ત્રણ ઇસમોને પ્લાસ્ટીકના બાચકામાં ભરેલ ચોરીના કેબલ વાયર સાથે પકડી પાડેલ છે અને પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સારૂ **જાફરાબાદ પો.સ્ટે.**માં સોંપી આપેલ છે.

### ➡ <u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>

(૧) ચકુરભાઇ ભાણાભાઇ શિયાળ, ઉં.વ.૨૬, ધંધો.મજુરી, રહે.ભાકોદર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.
(૨) પુનાભાઇ હામાભાઇ શિયાળ, ઉં.વ.૨૭, ધંધો.મજુરી, રહે.ભાકોદર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.
(૩) ડાયાભાઇ નથુભાઇ ભીલ, ઉં.વ.૪૧, ધંધો.મજુરી, રહે.ભાકોદર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

### ➡ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

**ડીઝલ જનરેટરના કમ્પ્રેસનનો ફ્લેક્સિબલ કેબલ વાયર, આશરે ૫૦ ફુટ, કિં.રૂ.૩૦,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



## પ્રેસનોટ- તા.૩૦/૦૬/૨૦૨૨

# પી.આઇ.ટી.NDPS એક્ટ ૧૯૮૮ ( The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988 ) મુજબ એક ઈસમની અટકાયત કરી મધ્યસ્થ જેલ, અમદાવાદ શહેર, ખાતે જેલ હવાલે કરતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

ગુજરાત રાજ્યનાં પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, અને વેચાણ કરતા અટકાવવા સારૂ અને ગુજરાત રાજ્યને નશા-મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ હોય, જે અનુસંધાને શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર દ્વારા જરૂરી સુચનાંઓ આપેલ, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લામાં માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ઈસમોને ઝડપી પાડવા અને કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા તથા NDPS એકટ તળેનાં વારંવાર ગુન્હાઓ કરતાં ઇસમ વિરૂધ્ધ પી.આઇ.ટી. NDPS એક્ટ ૧૯૮૮ (The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988) મુજબની PIT દરખાસ્ત તૈયાર કરવા આવેલ.

જે અનુસંધાને શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટર ઈન્ચાર્જ એસ.ઓ.જી.શાખા, દ્વારા NDPS એકટ તળેનાં વારંવાર ગુન્હાઓ કરતાં ઇસમ વિરૂધ્ધ PIT, NDPS એક્ટ ૧૯૮૮ મુજબનાં જાહેર વ્યવસ્થા તથા પ્રજાના જાહેર સ્વાસ્થ્યને જોખમમાં મુકવા, અને તેના લીધે લોકોને આર્થિક પાયમાલી સર્જાય તેવી પુરેપુરી શકયતા બાબતેનાં સબળ પુરતાં પુરાવાઓ મેળવી દરખાસ્ત તૈયાર કરી, સી.આઇ.ડી.ક્રાઈમ, અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાંઓ તરફ મોકલતા આ આરોપીની PIT NDPS દરખાસ્ત મંજુર થતા આરોપીને ત્તાત્કાલીક પકડી પાડી વોરંટની બજવણી કરી, જરૂરી પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર ખાતે જેલ હવાલે કરવામાં આવેલ છે.

<u>PIT NDPS અન્વયે અટકાયત કરેલ ઈસમ</u> ઃ-

ફારૂકભાઇ વલીભાઇ માંડલીયા ઉ.વ.૪૫, ધંધો.મજુરી, રહેવાસી ગામ-અમરેલી, બહારપરા, ધાનાણી શેરી, જી.અમરેલી

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટર ઈન્ચાર્જ એસ.ઓ.જી.શાખા, તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા PIT NDPS, અધિનિયમ ૧૯૮૮ હેઠળ આરોપીને ત્તાત્કાલીક પકડી પાડી વોરંટની બજવણી કરી, જરૂરી પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર ખાતે જેલ હવાલે કરવામાં સફળતા મળેલ છે.